This Question Paper contains 16 printed pages.

Seat No.: | | | | | | | |

Sl. No. :

331(G)

(March, 2024)

A

Time : 2 Hours] ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

(1) આ પ્રશ્નપત્રમાં કુલ 100 પ્રશ્નો છે. બધા પ્રશ્નો ફરજિયાત છે.

(2) ઉચિત વિકલ્પને પસંદ કરી વિધાનને સાચુ બનાવો.

(3) OMR Sheet પ્રશ્નોનાં ઉત્તર આપવા માટે આપેલી છે. દરેક પ્રશ્નોના જવાબ (A) ○, (B) ○, (C) ○, (D) ○ દ્વારા રજૂ કરે છે. સાચા જવાબના વર્તુળ ને બોલ પેનથી ઘટ્ટ ● કરવું.

(4) દરેક પ્રશ્ન 1 માર્કનો છે.

(5) કાચુ કામ test booklet માં આપેલી ખાલી જગ્યા માં જ કરવું.

(6) જવાબ આપતા પહેલા પ્રશ્નો ધ્યાનથી વાંચો.

(7) પ્રશ્નપત્રમાં જમણી બાજુનાં ઉપરની સાઇડમાં પ્રશ્નપત્રનો સેટ નંબર આપેલ છે. જેને OMR sheet માં આપેલા કોલમમાં લખવો.

---

1) કંપોઝરનો કયો વ્યૂ, જેઓ HTML થી પરિચિત છે તેવા ઉપયોગકર્તા ને મદદરૂપ બને છે ?

(A) પ્રિવ્યૂ (B) નોર્મલ વ્યૂ

(C) HTML ટેગ વ્યૂ (D) Split

2) IDE નું પુરૂ નામ શું છે ?

(A) Internal Development Environment

(B) Integrated Development Environment

(C) Integrated Degree Employment

(D) Internal Design Environment

3) HTMLનો કયો ઘટક એકથી વધુ લીટીનું લખાણ નિવેશ કરવાની સુવિધા પૂરી પાડે છે ?

(A) ટેક્સ્ટ - એરિયા (B) પાસવર્ડ

(C) રેડિયો બટન (D) ચેક બોક્સ

4) નીચેનામાંથી કઈ પદ્ધતિમાં વિગતોને HTTP ટ્રાન્ઝેક્શન દ્વારા બ્લોક સ્વરૂપે મોકલવામાં આવે છે ?

(A) Set (B) Get
(C) Select (D) Post

5) જ્યારે ફોર્મ સબમિટ કરવામાં આવે, ત્યારે તેની વિગતો કયા સ્થાને મોકલવી છે, તે સ્પષ્ટ કરવા માટે ફોર્મની કઈ લાક્ષણિકતાનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) નિવેશ - ઘટક (input) (B) ટેક્સ્ટ - એરિયા
(C) Action (D) પદ્ધતિ

6) કમ્પોઝરમાં હાલમાં જે ફાઈલ ખોલવામાં આવી હોય, તેવી ફાઈલને કયા મેનૂ વિકલ્પની મદદથી ખોલી શકાય છે ?

(A) File → Open (B) File → Recent Pages
(C) File → Open Recent File (D) Open → Recent File

7) નિવેશ ઘટકની કઈ લાક્ષણિકતાનો ઉપયોગ આપેલ વિકલ્પોનાં જૂથમાં એકથી વધુ વિકલ્પ પસંદ કરવા માટે થાય છે ?

(A) રેડિયો (B) સબમિટ
(C) ચેક બોક્સ (D) ટેક્સ્ટ

8) નીચેનામાંથી કયા ઘટકનો ઉપયોગ ફોર્મમાં ડ્રોપડાઉન યાદી કે મેનુની રચના કરવા માટે કરવામાં આવે છે ?

(A) Get (B) Input
(C) ટેક્સ્ટ - એરિયા (D) સિલેક્ટ

9) બ્રાઉઝર ઓબ્જેક્ટ મોડેલમાં નીચેનામાંથી કયો ઓબ્જેક્ટ સૌથી અગત્યનો ઓબ્જેક્ટ છે ?

(A) document (B) window
(C) parent (D) form

10) is NaN ("IPL2024") વિધેય શું પરત કરશે ?

(A) True (B) False
(C) ભૂલ (D) કોઈ આઉટપુટ નહીં આપે

11) CSS Stylesheets ડાયલોગ બોક્સનો કયો વિભાગ નિર્માણ કરવામાં આવેલ CSS કોડ દર્શાવે છે ?

(A) Text (B) General
(C) Sheets and rules (D) Lists

12) CSS ની વાક્ય રચનાનો કયો વિભાગ એ HTML ઘટક છે, જેના પર આપણે સ્ટાઈલને લાગુ કરવા માંગીએ છીએ ?

(A) પ્રોપર્ટી
(B) વેલ્યુ
(C) સિલેક્ટર
(D) ડિક્લેરેશન

13) જેના માટે શૈલીના નિયમો વ્યાખ્યાયિત કરવાનાં હોય તે ઘટકને પસંદ કર્યા પછી CSS Stylesheets ડાયલોગ બોક્સમાં કયા બટન પર ક્લિક કરવામાં આવે છે ?

(A) Create a new
(B) Internal stylesheet
(C) General
(D) Create style rule

14) નીચેનામાંથી કઈ એ વેબપેજમાં પ્રોગ્રામિંગનું પાસું ઉમેરવાની સુવિધા આપતી સ્ક્રિપ્ટિંગ ભાષા છે ?

(A) CSS
(B) જાવા સ્ક્રિપ્ટ
(C) HTML
(D) કમ્પોઝર

15) જાવા સ્ક્રિપ્ટમાં જ્યારે રેડિયો બટન જેવું કોઈ ઘટક નિષ્ક્રિય બને ત્યારે કઈ ઘટના ઉદ્ભવે છે ?

(A) abort
(B) change
(C) blur
(D) focus

16) કમ્પોઝરનાં Advanced Property Editor ડાયલોગ બોક્સમાં નીચેનામાંથી કયો વિભાગ પ્રાપ્ત નથી ?

(A) HTML Attributes
(B) Inline style
(C) JavaScript events
(D) Action URL

17) નિશ્ચિત કાર્યને પાર પાડતા પુનઃ ઉપયોગમાં લઈ શકાય તેવા કોડનાં બ્લોકને નીચેનામાંથી શું કહેવામાં આવે છે ?

(A) ઘટના
(B) ચલ
(C) if વિધાન
(D) વિધેય

18) નીચે આપેલા જાવાસ્ક્રિપ્ટ વિધાનમાં કયો ભાગ એક પ્રક્રિયા (method) છે ?

document.write ("Hello");

(A) Write
(B) document
(C) Hello
(D) document.write

19) કમ્પોઝરમાં Insert → Table મેનુ વિકલ્પ પર ક્લિક કરવાથી કયું ડાયલોગ બોક્સ ખુલશે ?

(A) Image Properties
(B) Insert Table
(C) Table Properties
(D) Publish Page

20) કયા પ્રકારની વિષયવસ્તુ ઉપયોગકર્તા સમક્ષ સાઇટ, સંસ્થા, ઉત્પાદન અને સેવાઓ તથા અન્ય વસ્તુઓનું વિહંગાલોકન પૂરું પાડે છે ?

(A) અપૂર્ણ (B) સામાન્ય

(C) વિસ્તૃત (D) અસંગત

21) Table Properties ડાયલોગ બોક્સનાં કયા વિકલ્પનો ઉપયોગ સેલ વચ્ચેની જગ્યા નિશ્ચિત કરવા માટે થાય છે ?

(A) Size

(B) Caption

(C) Spacing

(D) Padding

22) જો વૈકલ્પિક લખાણ ઉમેરવા માંગતા હો તો Image Properties ડાયલોગ બોક્સનાં કયા વિભાગમાં ઉમેરવામાં આવે છે ?

(A) Location (B) Dimensions

(C) Appearance (D) Link

23) કમ્પોઝરનાં કયા મેનુ વિકલ્પનો ઉપયોગ કરીને લખાણને યોગ્ય રંગ આપી શકાય છે ?

(A) Text → Color (B) Color → Text

(C) Format → Font color (D) Format → Text color

24) નીચે આપેલામાંથી કયા વેબ એડિટરની શરૂઆત HTML/CSS એડિટર તરીકે કરવામાં આવી હતી અને હવે તે ઘણી XML આધારિત સિસ્ટમ માટેનાં એડિટર તરીકે વિકાસ પામ્યું છે ?

(A) આમાયા (B) અપ્ટાના સ્ટુડિયો

(C) બ્લૂગ્રિફોન (D) કમ્પોઝર

25) નીચે આપેલામાંથી કઈ વેબસાઇટનો ઉપયોગ કરીને ઓપન સોર્સ એડિટર બ્લૂગ્રિફોન સરળતાથી ડાઉનલોડ કરી શકાય છે ?

(A) www.bluegriffon.com (B) www.bluegriffon.org

(C) www.bluegriffon.co.in (D) www.bluegriffon.net

26) વેબસાઇટનાં હોમપેજને કયું નામ આપી સંગ્રહ કરવો જોઈએ ?

(A) first.html (B) home.html

(C) index.html (D) one.html

27) ઇન્ટરનેટ જેવા ઇલેક્ટ્રોનિક માધ્યમનો ઉપયોગ કરી ઉત્પાદનનું ખરીદ-વેચાણ, સેવા અને માહિતી પૂરી પાડવાનાં કાર્યને શેનાથી વ્યાખ્યાયિત કરવામાં આવે છે ?

(A) વેબપેજ
(B) હોમપેજ
(C) વ્યાવસાયિક પ્રતિકૃતિ
(D) ઈ-કોમર્સ

28) નીચેનામાંથી કઈ ઈ-કોમર્સ પ્રતિકૃતિમાં અવળી હરાજીનો સમાવેશ કરવામાં આવે છે, કે જેમાં ગ્રાહક દ્વારા ઉત્પાદન કે સેવાની કિંમત નક્કી કરવામાં આવે છે ?

(A) C2B
(B) C2C
(C) B2B
(D) G2C

29) નીચેનામાંથી ઈ-કોમર્સનો ગેરફાયદો કયો છે ?

(A) ગોપનીયતા
(B) ગ્રાહક સેવામાં સુધારો
(C) ઝડપ
(D) વ્યવસાયનો 24×7 સમય

30) નીચેનામાંથી કઈ વિશેષતા પરંપરાગત વ્યવસાયની છે ?

(A) ગ્રાહકને થોડા દિવસમાં માલ પહોંચાડવામાં આવે છે.
(B) વ્યવહારનો સરેરાશ ખર્ચ ઘટે છે.
(C) વેચાણ અધિકારી, વેચાણ વહીવટકાર અને તેવી અન્ય વ્યક્તિઓની નિમણૂંક
(D) ઉત્પાદનની જાહેરાત ઇલેક્ટ્રોનિક સંસાધનો દ્વારા થાય છે.

31) કઈ વ્યવસાયી પ્રતિકૃતિનો હેતુ સ્વતંત્ર નાગરિકને સારી અને અસરકારક સેવાઓ પૂરી પાડવાનો છે ?

(A) G2B
(B) G2C
(C) G2G
(D) B2C

32) નીચેનામાંથી કયું C2B વ્યવસાયી પ્રતિકૃતિનું યોગ્ય ઉદાહરણ છે ?

(A) flipkart.com
(B) ebay.com
(C) tradeindia.com
(D) jeetle.in

33) ઈ-કોમર્સની કઈ સેવાનો ઉપયોગ કરીને અનેક સંસ્થાઓ વેબસાઇટ પર વિવિધ ફોર્મ પૂરા પાડે છે, જેને ગ્રાહક સરળતાથી ડાઉનલોડ કરી ઉપયોગમાં લઈ શકે છે ?

(A) સહાયસેવાઓ
(B) માહિતી સેવા
(C) નેટ બેંકિંગ
(D) ઓનલાઇન બિલિંગ

34) ઇન્ટરનેટ સુરક્ષાનાં ભયસ્થાનો પૈકી કયું ભયસ્થાન ઈ-મેઇલનું જોડાણ ખોલે, માહિતી ચોરી લે અથવા તો ફાઈલને નષ્ટ કરી વધુ નુકસાન પણ પહોંચાડી શકે છે ?

(A) દૂષિત કોડ (B) છેતરપિંડી

(C) સાયબર જંગાલિયત (D) સ્નિફિંગ

35) નીચે આપેલ પૈકી કઈ એક સંસ્થાનાં નેટવર્ક અને બહારની દુનિયા વચ્ચે સામાન્ય રીતે ઉપયોગમાં લેવાંતી નેટવર્કની સુરક્ષા સીમા છે ?

(A) એન્ટિવાઈરસ સોફ્ટવેર (B) ફાયર વોલ

(C) સાંકેતીકરણ (D) ડિજિટલ સર્ટિફિકેટ

36) નીચેનામાંથી કઈ એક માહિતીમાં અન્ય માહિતી સંતાડવાની ક્રિયા છે ?

(A) સ્ટેગ્નોગ્રાફી (B) ડિજિટલ ઓળખ ચિહ્ન

(C) સિક્યોર સોકેટ લેયર (SSL) (D) ટ્રેડમાર્ક

37) એક બૅન્કનાં ખાતામાંથી અન્ય બૅન્કનાં ખાતામાં ઈલેક્ટ્રોનિક તરીકે રકમ સ્થાનાંતરિત કરવાનાં કાર્યને નીચે આપેલામાંથી શેના તરીકે ઓળખવામાં આવે છે ?

(A) ઈશ્યુઈંગ બૅન્ક (B) એક્વાયરિંગ બૅન્ક

(C) ડિજિટલ સર્ટિફિકેટ (D) ઈલેક્ટ્રોનિક ફંડ-ટ્રાન્સફર

38) ઈ-કોમર્સનાં કયા સુરક્ષા મુદ્દા અંતર્ગત, માહિતીની ગુપ્તતાનો નિર્દેશ કરવામાં આવ્યો છે, જે માહિતી અનધિકૃત ઉપયોગકર્તા વાંચી ન શકે ?

(A) અસ્વીકાર (B) ગુપ્તતા

(C) અધિકૃતતા (D) અખંડિતતા

39) કી-લોગર નીચેનામાંથી શેનું ઉદાહરણ છે ?

(A) ફિશિંગ (B) મલવેર

(C) સ્પામ (D) માહિતી જાહેર થવી

40) નીચેનામાંથી શું ઓબ્જેક્ટને એકબીજાથી જુદા પાડે છે ?

(A) સ્ટેટ (B) બિહેવ્યર

(C) એટ્રિબ્યૂટ (D) મેથડ

41) ક્લાસ-ડાયાગ્રામમાં નીચેનામાંથી કયો સંકેત 'સુરક્ષિત' દશ્યતા દર્શાવે છે ?

(A) –
(B) +
(C) #
(D) ~

42) નીચેનામાંથી કઈ કાર્યરીતિ, વાપરવાનાં સેતુ અને અમલીકરણને અલગ કરવાનાં ખ્યાલ પર આધારિત છે ?

(A) ઇનકેપ્સ્યુલેશન
(B) ડેટા-એબ્સ્ટ્રેક્શન
(C) ઇનહેરિટન્સ
(D) એગ્રિગેશન

43) નીચેનામાંથી કયા વિકલ્પમાં કોઈ ક્લાસ કે જે ઓનર ક્લાસનો એક ભાગ છે, તે સ્વતંત્ર રીતે અસ્તિત્વ ધરાવે છે ?

(A) ઇનહેરિટન્સ
(B) ઇનકેપ્સ્યુલેશન
(C) કોમ્પોઝિશન
(D) એગ્રિગેશન

44) નીચેનામાંથી કયા વિકલ્પનાં ઉપયોગથી પોલિમોર્ફિઝમ પ્રાપ્ત કરી શકાય છે ?

(A) ફંક્શન ઓવરલોડિંગ
(B) ડેટા-હાઇડિંગ
(C) ડેટા-સુરક્ષિતતા
(D) ડેટાનો સહિયારો ઉપયોગ

45) જાવા માટે નીચેનામાંથી શું વધારે યોગ્ય છે ?

(A) પ્રક્રિયાગત પ્રોગ્રામિંગ ભાષા
(B) ક્વેરી - લેંગ્વેજ
(C) ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગ ભાષા
(D) વેબપેજ માટે ઉપયોગમાં લેવાતી હળવી પ્રોગ્રામિંગ ભાષા

46) એકસમાન ઓબ્જેક્ટની સામાન્ય લાક્ષણિકતાઓને વ્યાખ્યાયિત કરવા માટે નીચેનામાંથી શું વપરાય છે ?

(A) ઓબ્જેક્ટ
(B) મેથડ
(C) દશ્યતા
(D) ક્લાસ

47) એગ્રિગેશન અથવા કોમ્પોઝિશન કયા પ્રકારના સંબંધની સ્થિતિ જણાવે છે ?

(A) એક પ્રકારનો (is-a-kind-of)
(B) તેમાંનો અંશ (has-a)
(C) પૂર્ણ સંબંધ (is-a)
(D) જૂથ પ્રકારનો (a-set-of)

48) જાવાના 'double' ડેટાપ્રકાર દ્વારા કેટલા બાઇટનાં સંગ્રહની જગ્યા રોકવામાં આવે છે ?

(A) 1
(B) 2
(C) 4
(D) 8

49) પ્રોગ્રામનાં અમલ દરમિયાન જુદા-જુદા સમયે અલગ-અલગ ડેટાકિંમત હોઈ શકે પણ તે હંમેશા એક જ મેમરી સ્થાનાંકનો નિર્દેશ કરે છે તેને નીચેનામાંથી શું કહેવામાં આવે છે ?

(A) ડેટા પ્રકાર (B) કોમેન્ટ

(C) ચલ (D) પ્રક્રિયક

50) નીચેનામાંથી કયા Escape code નો અર્થ 'carriage return' થાય છે ?

(A) \r (B) \n

(C) \b (D) \t

51) જાવામાં નીચેનામાંથી કયા ચિહ્નનો ઉપયોગ દસ્તાવેજીકરણ કોમેન્ટને દર્શાવવા માટે થાય છે ?

(A) /** ... */ (B) /* ... */

(C) // (D) /*** ... **/

52) જાવામાં 25.8% 7 પદાવલીનું પરિણામ શું મળશે ?

(A) 3 (B) 4

(C) 4.8 (D) 3.7

53) જાવામાં જ્યારે ચલ કે પદાવલીની કિંમત પ્રમાણે અલગ-અલગ ઘણાં કાર્યોનાં વિકલ્પ હોય ત્યારે શેનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) while (B) switch

(C) do... while (D) for

54) જાવામાં કયા વિધાનનો ઉપયોગ સ્વિચ કે લૂપ પ્રકારની રચનાની બહાર પ્રોગ્રામનું નિયંત્રણ ફેરવવા માટે થાય છે ?

(A) if (B) default

(C) case (D) break

55) જાવામાં નીચેનામાંથી કયા વિકલ્પમાં નેટવર્કિંગ માટેના સામાન્ય ઇન્ટરનેટ પ્રોટોકોલના અને વપરાશકર્તાનાં સેતુ ટૂલકિટનાં કાર્યો માટેનાં અનેક ક્લાસ હોય છે ?:-

(A) ઇન્ટરપ્રિટર (B) જાવા ડેવલપમેન્ટ કિટ

(C) કમ્પાઇલર (D) ઓપરેટિંગ સિસ્ટમ

56) નીચેનામાંથી કયો કમાંડ, જાવાની callcost.java નામની સોર્સ ફાઇલને કંપાઇલ કરવા માટે યોગ્ય છે ?

(A) javac callcost.java (B) javac callcost.class

(C) java callcost (D) compile callcost.java

57) જાવામાં કયા સંકેત દ્વારા તાર્કિક પ્રક્રિયક XOR દર્શાવવામાં આવે છે ?

(A) &&
(B) ||
(C) ^
(D) !

58) નીચેનામાંથી કયો ચાવીરૂપ શબ્દ સબક્લાસ કન્સ્ટ્રક્ટરમાં સુપર ક્લાસ કન્સ્ટ્રક્ટરનો ઉલ્લેખ કરે છે ?

(A) extends
(B) new
(C) સુપર ક્લાસનું નામ
(D) super

59) જાવામાં નીચેનામાંથી કઈ એક વિશિષ્ટ પ્રકારની મેથડ છે જે નવા ઓબ્જેક્ટનાં નિર્માણ સમયે ઇન્વોક કરવામાં આવે છે ?

(A) ઇન્સ્ટન્સ મેથડ
(B) ક્લાસ મેથડ
(C) 'new' કીવર્ડ
(D) કન્સ્ટ્રક્ટર

60) જાવામાં નીચેનામાંથી કયો વિકલ્પ સુરક્ષાનાં ચાર P's માંથી એક નથી ?

(A) Package
(B) Protected
(C) Primary
(D) Public

61) જાવામાં, ચલ ડેટા ના પ્રકાર પહેલાં કયા કીવર્ડ વાપરીને તેને ક્લાસ વેરિયેબલ ઘોષિત કરવામાં આવે છે ?

(A) static
(B) new
(C) super
(D) public

62) નીચેનામાંથી કયું પગલું જાવામાં ઓબ્જેક્ટ બનાવવા માટેનાં પગલાંમાંનું યોગ્ય પગલું નથી ?

(A) Instantiation
(B) Introduction
(C) Initialization
(D) Declaration

63) જાવામાં, કયો કીવર્ડ ક્લાસનાં ઇન્સ્ટન્સને રજૂ કરતો ઓબ્જેક્ટ નો નિર્દેશ પરત કરે છે ?

(A) class
(B) function
(C) new
(D) instance

64) જાવાનાં કયા પ્રકારનાં વેરિયેબલ (ચલ) મેથડ કે બ્લોકની અંદર વ્યાખ્યાયિત કરેલા હોય છે ?

(A) એક્સ્ટરનલ (external)
(B) ઇન્સ્ટન્સ
(C) ક્લાસ
(D) લોકલ

65) જાવામાં કયા પ્રકારનું પ્રોટેક્શન સૌથી ઓછી દશ્યતા પૂરી પાડે છે ?

(A) પ્રાઇવેટ
(B) પ્રોટેક્ટેડ
(C) પબ્લિક
(D) પેકેજ

66) ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગ ભાષાની કઈ લાક્ષણિકતા આપણને હયાત ક્લાસને વિસ્તૃત કરીને વધારાના સામર્થ્ય સાથેનો નવો ક્લાસ બનાવવાની સગવડ આપે છે ?

(A) એગ્રિગેશન
(B) ઇનહેરિટન્સ
(C) પોલિમોર્ફિઝમ
(D) કમ્પોઝિશન

67) જ્યારે સુપર ક્લાસ અને સબ ક્લાસમાં મેથડનું નામ અને સિગ્નેચર સમાન હોય ત્યારે જાવામાં તેને શું કહેવામાં આવે છે ?

(A) ઓવરલોડેડ મેથડ્સ
(B) ઇનહેરિટન્સ મેથડ્સ
(C) ઓવરરીડન મેથડ્સ
(D) સુપર મેથડ્સ

68) જાવામાં ક્યા પ્રેકારનાં એરે હાર અને સ્તંભ સ્વરૂપે કોષ્ટકીય માહિતીનો સંગ્રહ કરવા માટે વપરોય છે ?

(A) 1-D એરે
(B) વેક્ટર
(C) સ્કેલર વેરિયેબલ
(D) 2-D એરે

69) જાવામાં એરે માટેની વિવિધ static methods કયા ક્લાસ દ્વારા પૂરી પાડવામાં આવે છે ?

(A) java.lang
(B) java.Arrays
(C) Arrays.java
(D) java.util.Arrays

70) જાવામાં 1-D એરેની કઈ પ્રોપર્ટી દ્વારા દરેક હારનું કદ જાણી શકાય છે ?

(A) length
(B) size
(C) binary.length
(D) binary.size

71) જાવામાં Date ક્લાસની કઈ મેથડ, જાન્યુઆરી 1, 1970 GMT થી અત્યાર સુધીની મિલિસેકન્ડ પરત કરે છે ?

(A) Date ( )
(B) long getTime ( )
(C) String toString ( )
(D) Date (long elapsedTime)

72) જાવાનાં સ્ટ્રિંગ ક્લાસની કઈ મેથડ, મેથડ કોલ કરતી સ્ટ્રિંગ અને પ્રાચલ str સરખા હોય, તો true પરત કરે છે ?

(A) int compareTo (string str)

(B) string concat (string str)

(C) boolean equals (string str)

(D) string to UpperCase (string str)

73) જાવાનો કયો કન્સ્ટ્રક્ટર, ચલ તરીકે આપેલા string literal ને નિર્દેશ કરતો સ્ટ્રિંગ ઓબ્જેક્ટ બનાવે છે ?

(A) string ( )

(B) string (char ary [ ])

(C) string (string strObj)

(D) string (string literal)

74) જાવાની કઈ પ્રણાલી 'list' નામનાં એરેનાં list [1] થી list [5-1] સુધીનાં ઘટકોને શોર્ટ (sort) કરશે ?

(A) java.util.Arrays.sort (list)

(B) java.util.Arrays.fill (list)

(C) java.util.Arrays.sort (list 1, 5)

(D) java.util.sort (list 1, 4)

75) જાવામાં એરેને પ્રારંભિક કિંમતો આપવા માટે નીચેનામાંથી ક્યો યોગ્ય વિકલ્પ છે ?

(A) int marks [ ] = {90, 70, 77};

(B) int marks [3] = {90, 70, 77};

(C) int [3] marks = {90, 70, 77};

(D) int [3]= {90, 70, 77};

76) જાવામાં નીચે આપેલ એરે મેમરીમાં કેટલા બાઇટની જગ્યા રોકશે ?

int marks [ ] [ ] = new int [4] [3]

(A) 12 (B) 07

(C) 48 (D) 04

77) જાવામાં નીચે આપેલામાંથી કયો વિકલ્પ એકસમાન પ્રકારનાં ડેટાનો સંગ્રહ છે ?

(A) એરે (B) ક્લાસ

(C) મેથડ (D) ફંકશન

78) જાવામાં અપવાદ ઓબ્જેક્ટને થ્રો કરવા માટે નીચેનામાંથી કઈ વાક્યરચના યોગ્ય છે ?

(A) throw object_exception;

(B) throw exception_object;

(C) object throw_exception;

(D) exception throw_object;

79) ઓબ્જેક્ટ આધારિત પ્રોગ્રામિંગ પરિભાષામાં નીચેના પૈકી કઈ ભૂલની સ્થિતિ ગણાય છે ?

(A) વિસંગતતા (B) ટૂંકાણ

(C) અપવાદ (D) ચલન

80) જાવામાં જ્યારે અપવાદ સર્જાય ત્યારે નીચેનામાંથી કયો વિભાગ વ્યવસ્થાપન કરે છે કે યોગ્ય ક્રિયા હાથ ધરે છે ?

(A) try (B) handle

(C) throws (D) catch

81) જ્યારે અસ્તિત્વમાં ન હોય તેવી ફાઈલનો ઉપયોગ કરવાનો પ્રયત્ન કરવામાં આવે ત્યારે જાવાનો કયો એક્સેપ્શન ક્લાસ યોગ્ય ક્રિયા હાથ ધરશે ?

(A) NullPointerException (B) FileNotFoundException

(C) ArithmeticException (D) PrinterIOException

82) જાવામાં જો પ્રોગ્રામની સૂચનાઓમાં જોડણીની કોઈ ભૂલ નહીં હોય અને પ્રોગ્રામ સફળતાપૂર્વક કંપાઈલ થશે તો આપણને કઈ ફાઈલ મળશે ?

(A) .java (B) .html

(C) .class (D) .prog

83) જાવાનાં Exit code ની કઈ કિંમત એવું દર્શાવે છે કે, કમાન્ડનો અમલ કરતી વખતે કોઈક સમસ્યા ઉદ્ભવી છે ? https://www.gujaratboardonline.com

(A) Error (B) False

(C) 0 (D) 1

84) જાવામાં FileReader ક્લાસની કઈ પદ્ધતિ સ્ટ્રીમમાંથી પછીનો ઉપલબ્ધ અક્ષર વાંચે છે ?

(A) int read ( ) (B) int read (byte [ ] b)

(C) int readNext ( ) (D) int Nextread ( )

85) જાવાનો કયો ક્લાસ કી-બોર્ડ કે ફાઇલ પરથી ઇનપુટ મેળવવા માટે વિવિધ પદ્ધતિઓ પ્રદાન કરે છે ?

(A) FileReader (ફાઇલ-રીડર)

(B) FileWriter (ફાઇલ-રાઇટર)

(C) Scanner (સ્કેનર)

(D) Console (કન્સોલ)

86) જાવાનાં સ્કેનર ક્લાસની કઈ પદ્ધતિ જો ઇનપુટમાં ટોકન હશે તો true કિંમત પરત કરશે ?

(A) string next ( )

(B) string nextLine ( )

(C) int nextInt ( )

(D) boolean hasNext ( )

87) કેવા પ્રકારની ફાઇલનું લખાણ દ્વિઅંકી સ્વરૂપે હોય છે, જેનો અર્થ એ છે કે ડેટાને બાઇટ સ્વરૂપે ઉપયોગમાં લેવાય છે ?

(A) ટેક્સ્ટ ફાઇલ

(B) પ્રોગ્રામ કોડ ફાઇલ

(C) દ્વિઅંકી ફાઇલ

(D) યુનિકોડ ફાઇલ

88) જાવાનાં કયા ક્લાસમાં ફાઇલ કે ડિરેક્ટરીની લાક્ષણિકતા વિશેની માહિતીનો સમાવેશ કરવામાં આવે છે ?

(A) java.io.File

(B) java.util.File

(C) java.lang.File

(D) java.properties.File

89) જાવાનાં ફાઇલ ક્લાસની કઈ પદ્ધતિ ઓબ્જેક્ટ દ્વારા સંબોધાયેલ ફાઇલ કે ડિરેક્ટરીનું નામ પરત કરે છે ?

(A) string getPath ( )

(B) string getName ( )

(C) string isFile ( )

(D) string getAbsolutePath ( )

90) લેટેક્સમાં \neq કમાંડ કઈ ગાણિતિક સંજ્ઞા રજૂ કરશે ?

(A) $\div$

(B) $\neq$

(C) $\not\subseteq$

(D) $\pm$

91) લેટેક્સમાં જૂથને કેવા પ્રકારનાં કૌંસમાં લખવામાં આવે છે ?

(A) ( )
(B) [ ]
(C) { }
(D) ⟨ ⟩

92) લેટેક્સનાં કયા પેકેજનો ઉપયોગ દસ્તાવેજમાં પ્રોગ્રામિંગ કોડ ઉમરેવા માટે થાય છે ?

(A) easylist
(B) setspace
(C) proglist
(D) listings

93) કમાન્ડ પ્રોમ્પ્ટ પર લેટેક્સનો કયો કમાન્ડ આપીને બનેલી PDF ફાઈલને જોઈ શકાય છે ?

(A) evince pdffilename
(B) pdflatex filename
(C) pdffilename
(D) open pdffilename

94) જો કમ્પાઈલેશન સફળ થયું હોય તો લેટેક્સનાં કયા મેનુ વિકલ્પનો ઉપયોગ કરીને ફાઈલને ડિફોલ્ટ ડોક્યુમેન્ટ વ્યૂઅરમાં જોઈ શકાય છે ?

(A) File → Save
(B) Tools → Go
(C) Tools → Build
(D) Tools → Compile

95) નીચેનામાંથી કયું પ્રસ્તાવનામાં પ્રથમ લીટી તરીકે વપરાય છે ?

(A) \usepackage
(B) \title
(C) \documentclass
(D) \maketitle

96) કોઈ પણ વિનિયોગમાં યુનિકોડ અક્ષરો દાખલ કરવા કયા પ્રોગ્રામનો ઉપયોગ થાય છે ?

(A) કેરેક્ટર ડિસ્પ્લે
(B) કેરેક્ટર ઇન્સર્ટ
(C) કેરેક્ટર સિલેક્ટ
(D) કેરેક્ટર મેપ

97) R સોફ્ટવેરનાં કયા કમાન્ડ નો ઉપયોગ ઓનલાઈન મદદ મેળવવા માટે થાય છે ?

(A) help.start ( )
(B) demo ( )
(C) help (function name)
(D) help ( )

98) લિનક્સ સિસ્ટમમાં કયું સર્વસામાન્ય આર્ચિવ માળખું છે ?

(A) zip
(B) tar
(C) gzip
(D) png

99) રેશનલ પ્લાનનું કયું ઉત્પાદન, એકબીજા ઉપર આધારિત યોજનાનું સંચાલન કરે છે ?

(A) રેશનલ પ્લાન મલ્ટી
(B) રેશનલ પ્લાન સિંગલ
(C) રેશનલ પ્લાન વ્યૂઅર
(D) રેશનલ પ્લાન એન્જિનીયરિંગ

100) VLC મીડિયા પ્લેયરમાં કયા મેનુ વિકલ્પનાં ઉપયોગથી પ્લેલિસ્ટને ખોલી શકાય છે ?

(A) View → Playlist
(B) Media → Save Playlist to File ...
(C) Open → Playlist
(D) Playlist → View

◆◆◆